કલમ-૪ (૧) (ખ)(૨)

## પોતાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો:-

### જંતુનાશક અધિકારી :-

ભારત સરકારશ્રીનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અંતર્ગત નેશનલ નોડલ સંસ્થા એન.વી.બી.ડી.સી.પી. અને એન.સી.ડી.સી.ની તથા રાજય કક્ષાએથી વેકટર બોર્ન ડીસીઝની ગાઈડલાઈન, માર્ગદર્શક સુચનો અનુસાર શહેરી વિસ્તારો માટે વાહક જન્ય રોગ નિયંત્રણની કામગીરી ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન મુજબ તાંત્રિક અને વહીવટી બાબતો અંગે આયોજન, અમલીકરણ, દેખરેખ અને માર્ગદર્શન મુજબ કામગીરી કરવાની રહેશે.

1. ભારત સરકાર અને રાજય સરકારશ્રી તરફથી યોજાતી મિટીંગો, વર્કશોપ તથા કાર્યશિબીરોમાં હાજરી આપવી અને તેમની ગાઈડલાઈન અનુસાર વાહક જન્ય રોગ નિયંત્રણની કામગીરીનો વખતો વખતના સુધારાત્મક નિતીઓ, અભિગમો વગેરેનો અમલ કરાવવો.
2. શહેરી વિસ્તારોમાં વાહક જન્ય રોગોનું તાંત્રિક અને વૈજ્ઞાનિક ઢબે અમલીકરણ પ્રવૃત્તિઓ સુચારૂ રીતે કરાવવા જંતુનાશક અધિકારીના વડપણ હેઠળ અધિક જંતુનાશક અધિકારી અને દરેક ઝોનના આસી.જંતુનાશક અધિકારી દ્વારા હાથ ધરાય તે જોવાની સીધી જવાબદારી વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગનાં વડાની રહેશે.
3. વાહક જન્ય રોગોના અટકાવ અને નિયંત્રણ માટે ભારત સરકાર, રાજય સરકાર તેમજ WHO દ્વારા માન્યતા પ્રાપ્ત થયેલ સ્પેશીફીકેશન મુજબની ઉચ્ચ ગુણવત્તા ધરાવતી અસરકારક જંતુનાશક દવાઓ અને લાર્વીસાઈડસ દવાઓ સમયસર ઉપલબ્ધ કરાવી અને પુરી પાડવાની રહેશે.
4. વાહક જન્ય રોગોનાં સચોટ નિદાન અને સારવાર માટે જરૂરી અને જીવનરક્ષક દવાઓ તથા પ્રાયોગિક પરિક્ષણો માટે જરૂરી એવી તમામ સાધન સામગ્રી અને વિશિષ્ટ ઉપકરણો ઉપલબ્ધ કરાવવા અને પુરા પાડવાના રહેશે.
5. શહેરની વસ્તી અને વાહક જન્ય રોગોનું ભારણ ધ્યાને રાખીને મુદ્દા નં. ૩ અને ૪ તથા વાહક જન્ય રોગોનાં અમલીકરણ માટે જરૂરી મેન પાવર તથા બજેટની જોગવાઈ અને નિયમોનુસાર ખર્ચ કરી નાણાકીય અને ભૌતિક સિધ્ધિઓ પ્રાપ્ત કરવાની રહેશે.
6. વાહક જન્ય રોગોમાં ઉદ્‌ભવતા રોગચાળાઓ કે કેસોમાં અસાધારણ વધારો નિયંત્રિત કરવા રોગચાળો ઉગતો જ ડામી દેવાની પૂર્વ તૈયારીઓ અને તેનો વહેલાસરનો પ્રતિભાવ આપવા યુધ્ધના ધોરણે લેવાના થતા પગલાઓનું આયોજન કરાવવાનું રહેશે. આ અંગે વિવિધ ખાતાઓનું સંકલન, સામેલગીરી અને સહકાર મ્યુનિસીપલ કમિશ્નરશ્રીના અધ્યક્ષપણા હેઠળ કેળવવાનો રહેશે.
7. ઉપરી અધિકારી તરફથી સોપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.

### એડીશનલ જંતુનાશક અધિકારી :-

1. ખાતાની કામગીરીમાં જોડાયેલ દરેક કર્મચારીના હોદ્દા મુજબ ફરજો અને જવાબદારીઓની સોંપણી કરી નકકી કરેલ કાર્યયોજના (Action Plan) મુજબ પ્રવૃત્તિઓ અને પેટા પ્રવૃત્તિઓની કામગીરી અને તેની સિદ્ધિઓ નકકી કરેલ માપદંડ મુજબ અદા કરાવવાની રહેશે.
2. શહેરી વિસ્તારોની રચનાને ધ્યાને રાખી મેલેરીયા, ફાઈલેરીયા, ડેન્ગ્યું, ચીકનગુનિયા જેવા રોગોનું સર્વેલન્સ અઠવાડિક/પખવાડિક ધોરણે હાથ ધરાવી રોગોનું ભારણ ઘટાડવા જુદા જુદા વાહકો જેવા કે, મચ્છર, રેટફલી, સેન્ડફલાઈને અસરકારક પગલાઓ લઈને અંકુશ હેઠળ રાખવાના રહેશે.
3. ઝોનમાંથી જંતુનાશક દવાની ડિમાન્ડ મંગાવવી, આ ડિમાન્ડના આધારે જંતુનાશક દવા ખરીદી કરવા અંગે ટેન્ડર તૈયાર કરવા તથા વર્તમાનપત્રોમાં નોટીસ આપવી. જંતુનાશક દવાના ભાવ મંજૂર કરાવવા દરખાસ્ત બનાવવી, જંતુનાશક દવાના સેમ્પલ ટેસ્ટીંગ કરાવવા, ઝોનમાં દવાની ફાળવણી, પાર્ટીના પેમેન્ટ અંગેની કાર્યવાહી કરવી, સિકયોરીટી ડિપોઝીટ રિલીઝ કરવાની કાર્યવાહી વિગેરે.
4. વાહક જન્ય રોગોના અટકાવ અને નિયંત્રણ માટે ભારત સરકાર, રાજય સરકાર તેમજ WHO દ્વારા માન્યતા પ્રાપ્ત થયેલ સ્પેશીફીકેશન મુજબની ઉચ્ચ ગુણવત્તા ધરાવતી અસરકારક જંતુનાશક દવાઓ અને લાર્વીસાઈડસ દવાઓ સમયસર ઉપલબ્ધ કરાવી અને પુરી પાડવાની રહેશે.
5. જંતુનાશક દવાઓના ખાલી ટીન બેરલ/ભંગાર વિગેરે સ્ક્રેપ કરી ટેન્ડરથી વેચાણ કરાવવું.
6. અન્ય સાધન સામગ્રી જેવી કે હેન્ડ કોમ્પ્રેસર પંપ, બેટરી સેલ વિગેરે ખરીદવાની કાર્યવાહી કરવી.
7. ફોગીંગ મશીનો તથા માઈક્રોસ્કોપ સર્વિસ/રીપેરીંગ કરાવવાની કાર્યવાહી કરવી.
8. તમામ ઝોન /ઓવરઓલ મોનીટરીંગ અને સુપરવિઝનની કામગીરી કરવાની રહેશે.
9. વી.બી.ડી.સી. સ્ટોર અને સર્વેલન્સ વર્કરને લગતી તમામ કામગીરી કરવાની રહેશે.
10. હેડકવાર્ટર એન્ટોમોલોજીકલ એકટીવીટી, પ્લેગ સર્વેલન્સ યુનિટની કામગીરી કરવાની રહેશે.
11. મેલેરીયા, ડેંગ્યુ, ચીકનગુનીયા રીપોર્ટીંગ તેમજ લેબોરેટરીની મોનીટરીંગની કામગીરી કરવાની રહેશે.
12. ઉપરી અધિકારી તરફથી સોપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.

**<u>આસી.જંતુનાશક અધિકારી :-</u>**

(૧) આસી.જંતુનાશક અધિકારી તેમને આપવામાં આવેલ ઝોનમાં થતી કામગીરી માટે જવાબદાર છે.

(૨) આસી.જંતુનાશક અધિકારીએ જે તે વિસ્તાર તેમજ રોજબરોજની કામગીરીથી માહિતગાર થવા ઉપરાંત તેમણે ઈન્સેકટીસાઈડ ઓફિસરની સુચનાઓનો પણ ત્વરીત અમલ કરવાનો રહેશે.

(૩) તેમને આપવામાં આવેલ વિસ્તાર તેમજ પોતાની ફરજથી માહિતગાર થવું એ એમની પહેલી ફરજ છે, તેમજ તેમના વિસ્તારમાં રોજ બરોજની કામગીરી અને મેલેરીયા–ફાઈલેરીયા રોગની એપીડેમીયોલોજીથી તરત જ માહિતગાર થવાનું હોય છે.

(૪) કામગીરી માટે કર્મચારીઓને બે જૂથમાં વહેંચવામાં આવ્યા છે. (અ) વહીવટી (બ) ક્ષેત્રીય કામગીરી માટે, ફાઈલેરીયા/મેલેરીયા ઈન્સપેકટર, સબ ઈન્સપેકટર, પ્રાયમરી હેલ્થ વર્કર, ફીલ્ડ વર્કર અને ડ્રાય વરનો સમાવેશ ક્ષેત્રીય સ્ટાફમાં થાય છે.તે તમામ સ્ટાફ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવે છે તે જોવાનું રહેશે.

(૫) વિસ્તારમાં ઘરોની સંખ્યા, વિસ્તારમાં વસતા લોકોની સંખ્યા તેમજ પ્રકાર અને જે તે વિસ્તારમાં મળતા કાયમી અને બિનકાયમી બ્રિડીંગના આધારે જે તે વિસ્તારમાં આસી.જંતુનાશક અધિકારી તેમને સોંપવામાં આવેલ વિસ્તારમાં ફરજ પર મુકવામાં આવતા યુનિટની સંખ્યા, દરેક યુનિટ પર પ્રાયમરી હેલ્થ વર્કરની સંખ્યા અને ફિલ્ડ વર્કરની સંખ્યા રાષ્ટ્રીય નોર્મસને ધ્યાને રાખી નકકી કરવાનું રહેશે.

(૬) ટીમ લીડર તરીકે આસી.જંતુનાશક અધિકારી પોતાના વિસ્તારમાં કાર્યરત દરેક વર્કરને રૂબરૂ ઓળખતા હોવા જરૂરી છે, તેમજ તેમને સોંપેલ કામગીરી સારી રીતે પુરી પાડે એ માટે એમને સાચું માર્ગદર્શન પુરુ પાડી એમનો આત્મવિશ્વાસ વધારે એ જરૂરી છે.

(૭) ફિલ્ડમાં કાર્યરત દરેક મેલેરીયા/ફાઈલેરીયા ઈન્સપેકટર, સબ ઈન્સપેકટર, મેલેરીયા સર્વેલન્સ વર્કર, ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વેલન્સ વર્કર, પ્રાયમરી હેલ્થ વર્કર પાસે વર્કડાયરી રખાવવાની રહેશે, જેમાં દરરોજની કામગીરીની નોંધ રાખે છે કે કેમ તે જોવાની જવાબદારી રહેશે તેમ જ જયારે તેમના ઉપરી અધિકારી જોવા માંગે ત્યારે એમને બતાવવવાની રહેશે.

(૮) આસી.જંતુનાશક અધિકારીએ તેમના વિસ્તારની દરરોજની કામગીરી, અઠવાડિક કામગીરી અને મંથલી કામગીરીના રીપોર્ટ અંગેના શિડયુલ્ડ બનાવીને સમય મર્યાદામાં તૈયાર કરાવી તેમના કાયમી રેકોર્ડ સાચવવાના રહેશે.

(૯) આસી.જંતુનાશક અધિકારીએ પોતાના વિસ્તારમાં થતી કામગીરી અંગેની માહિતી ઈન્સેકટીસાઈડ ઓફિસર(વાહક જન્ય રોગ)ને પુરી પાડીને સમગ્ર શહેરની કામગીરી કરવામાં મદદરૂપ થવાનું રહેશે.

(૧૦) એન્ટીલાર્વલ કામગીરી કરનારા, ફાઈલેરીયા મેલેરીયા ઈન્સપેકટર, સબ ઈન્સપેકટરોએ, આસી.જંતુનાશક અધિકારીની સીધી દેખરેખ હેઠળ કામગીરી કરવાની રહેશે.

(૧૧) યુનિટ લેવલે થતી વાહક જન્ય રોગોને નિયંત્રણ કરવાની તમામ કામગીરીથી વાકેફ થવાનું રહેશે. તેમણે સમયાંતરે સુચિત માપદંડોને આધારે વર્કર વાઈઝ અને વિસ્તારવાઇઝ મોનીટરીંગ અને મુલ્યાંકન કરવાનું રહેશે.

(૧૨) મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકુનગુનિયાના પોઝીટીવ કેસના વિસ્તારમાં તેમજ તેમની આસપાસના વિસ્તારમાં ઈન્ડોર સ્પેસ સ્પ્રે અથવા પ્રાયરેથ્રોઈડ ફોગીંગની કામગીરી કરાવવી.

(૧૩) કેમીકલ કંટ્રોલના વધુ ઉપયોગને બદલે એમણે જયાં શકય હોય ત્યાં બાયો એન્વાયરમેન્ટલ કંટ્રોલ મેઝર્સનો વધુ ઉપયોગ કરવાનો રહેશે. લાર્વા ભક્ષક માછલીઓ જેવી કે, ગંબુશીયા અને ગપ્પીની હેચરીઝ (Hatcheries) બનાવડાવવાની રહેશે.

(૧૪) આસી.જંતુનાશક અધિકારીએ જે તે વિસ્તારના મચ્છરની દર છ મહિનાના અંતરે WHO લાર્વલ સસેપ્ટીબીલીટી ટેસ્ટ દ્વારા જે તે રોગના વાહક મચ્છરનું સસેપ્ટીબીલીટી સ્ટેટસ જંતુનાશક અધિકારીને જણાવવાનું રહેશે. આસી.જંતુનાશક અધિકારીએ ઈન્સેકટીસાઈડ ઓફિસરને કામગીરીના મંથલી ટેકનીકલ રીપોર્ટ તેમજ એન્યુઅલ રીપોર્ટ આપવાના રહેશે.

(૧૫) ડોમેસ્ટીક તેમજ પેરીડોમેસ્ટીક કંટ્રોલ માટે કાયદાકીય નિયમો કડક રીતે લોકો દ્વારા પાડવામાં આવે એની તકેદારી આસી.જંતુનાશક અધિકારીએ રાખવાની રહેશે.

(૧૬) આસી.જંતુનાશક અધિકારીએ જે તે વિસ્તારમાં પ્રાયવેટ પ્રેકટીશનર, હોસ્પિટલ, કિલનીક તેમજ ડીસ્પેન્સરીના ડોકટર સાથે સંકલન કરી પેસીવ સર્વેલન્સની કામગીરી સઘન બનાવવાની રહેશે.

## મેડીકલ ઓફિસર :-

(૧) મેડીકલ ઓફિસર સમગ્ર કામગીરીના માળખામાં Early case detection અને Complete treatment માટે અગત્યની ચાવી છે. મેડીકલ ઓફિસર આ અંગેની કામગીરી અર્થે સારી રીતે ટ્રેઈન થયેલા હોવા જોઈએ, તેમજ તેમનો સદર કામગીરીમાં સંપુર્ણ રસ હોવો જરૂરી છે.

(૨) તેમણે આસી.જંતુનાશક અધિકારી સાથે મળી જે તે વિસ્તારમાં હાઉસ ટુ હાઉસ વિઝીટ માટે પ્રાયમરી હેલ્થ વર્કરનો પખવાડિક શિડયુલ્ડ તૈયાર કરવાનો રહે છે.

(૩) તેમણે દવા આપતા પહેલા તાવના દરેક કેસનો લોહીનો નમૂનો મેલેરીયા ટેસ્ટ માટે લેબોરેટરી માં મોકલવાનો રહેશે.

(૪) તેમણે પોતાના વિસ્તારમાં આવેલ મેલેરીયા કલીનીક તેમજ હેલ્થ સેન્ટર પર લેવાનારા લોહીના નમૂનાની ગુણવત્તા, તેનું સ્ટેઈનીંગ તેમજ માઈક્રોસ્કોપીક એકઝામીનેશન બરાબર છે કે નહિ તેમજ લોહીના નમૂના દરરોજ સ્ટેઈન કરવામાં આવે છે કે નહિ એ ચેક કરવાનું રહેશે.

(૫) તેમના વિસ્તારમાં આવેલ હેલ્થ સેન્ટર ઉપર ફરજ બજાવતા લેબોરેટરી ટેકનીશીયન K-7, 8 અને 9 રજીસ્ટર મેઈન્ટેઈન કરે છે ? તેમજ સબ સેન્ટરવાઈઝ અને પેસીવ એજન્સીવાઈઝ બ્લડ સ્મીયર કલેકશન એકઝામીનેશન અને પોઝીટીવ કેસોના આંકડા દર્શાવતા ચાર્ટ તેમજ ગ્રાફ વ્યવસ્થિત રીતે ડીસપ્લે કર્યા છે કે નહિ એ જોવાની જવાબદારી મેડીકલ ઓફિસરની છે.

(૬) પોઝીટીવ કેસને ૨૪ કલાકમાં રેડીકલ ટ્રીટમેન્ટ મળે એની તકેદારી રાખવાની રહેશે.

(૭) મેલેરીયા કેસોને સારવાર અર્થે જરૂરી દવાઓનો જથ્થો પુરતો છે કે નહિ એ અંગેની તકેદારી મેડીકલ ઓફિસરે રાખવાની રહે છે.

(૮) તેમણે પોતાના વિસ્તારમાં કાર્યરત મેલેરીયા કલીનીક અથવા અર્બન હેલ્થ સેન્ટરની મુલાકાત દરમ્યાન લેબોરેટરીમાં વપરાતા સાધનો જેવા કે, માઈક્રોસ્કોપ, ગ્લાસ સ્લાઈડ, સ્ટેઈન વગેરેની ચકાસણી કરવાની રહેશે.

(૯) તેમણે ફિલ્ડ વિઝીટ દરમ્યાન ચકાસણી કરવાની રહેશે કે પ્રાયમરી હેલ્થ વર્કર મેલેરીયા કેસ ડિટેકશન એમને જણાવ્યા મુજબની ગાઈડલાઈન અનુસાર કરે છે કે કેમ ?

(૧૦) એપીડેમીયોલોજીકલ ઈન્વેસ્ટીગેશન માટે તેમણે જે તે વિસ્તારમાં થતી કામગીરીના ડેટાનું એનાલીસીસ કરી લેવાના અટકાયત પગલાં તેમજ રોગની આઉટબ્રેક થવાની પરિસ્થિતિ છે કે કેમ એ અંગેનું મોનીટરીંગ કરવાનું હોય છે.

(૧૧) તેમણે પોતાના વિસ્તારમાં ડ્રગ ફેલિયર કેસનું મોનીટરીંગ કરી ઈન્સેકટીસાઈડ ઓફિસર (H.Q.)ને જાણ કરવી.

(૧૨) મેલેરીયાના જટિલ અને સિવીયર કેસ કે જેની સારવાર હેલ્થ સેન્ટર ઉપર શકય ન હોય એવા કેસને મસ્કતિ, સ્મીમેર અથવા નવી સિવીલ હોસ્પિટલ જેવી સેન્ટીનલ હોસ્પિટલ ઉપર રીફર કરવા.

(૧૩) મેલેરીયા પોઝીટીવ કેસોના રેકોર્ડ બરાબર મેઈન્ટેઈન થાય છે કે નહિ એની તકેદારી રાખવી.

## સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી :-

- વહીવટને લગતી તમામ કામગીરી કરાવવી.
- જંતુનાશક અધિકારી ધ્વારા મળતા સૂચનો/કામગીરીનો અમલ કરાવવો.
- જંતુનાશક દવાના ભાવ મંજુર કરાવવા અંગેની દરખાસ્ત તૈયાર કરવી.
- મહેકમ/હાજરીપત્રકને લગતી કામગીરી કરાવવી.
- ઉપરી અધિકારી તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.
- બીજી શ્રેણી સુધીના કલેરીકલ કેડરના પગાર અગેના ઈજાર મંજુર કરવા તેમજ બજેટમાં કરેલ જોગવાઈ મુજબ રજા, પ્રવાસ અંગેનો બીલો મંજુર કરવા

## હેડ કલાર્ક (પ્રથમ શ્રેણી કલાર્ક )

- કચેરીનું હાજરીપત્રક જાળવણી કરી હાજરીપત્રકમાં હાજરીનું ચેકીંગ કરી કર્મચારીઓના રજા બાબતના શેરા હાજરીપત્રકમાં કરવા.
- પ્રોસીકયુશન અને કોર્ટ કેસ અંગેની કામગીરી સંભાળવી.
- રાઈટ ટુ ઈન્ફોર્મેશન અંગેની કામગીરી સંભાળવી.
- ગુજરાત રાજય સરકાર તરફથી અગર અન્ય સંસ્થાઓ તરફથી આવતા પત્રવ્યવહાર અંગેની કામગીરી કરવી.
- ડેડ સ્ટોક રજીસ્ટર મેઈન્ટેઈન કરવું
- ઓડિટ ઓબ્જેકશનનો નિકાલ કરાવવાની કામગીરી સંભાળવી.
- ઓફિસ ખરીદી અંગેના ડેડ સ્ટોક રજીસ્ટરની જાળવણી કરવી.

## લેબોરેટરી ટેકનીશીયન :-

- ઝોનમાંથી આવેલ મેલેરીયા/ફાઈલેરીયા સ્લાઈડોનું સ્ટેનીંગ કરી પરિક્ષણ કરવું તથા સમયસર પરિણામ આપવું.
- શંકાસ્પદ ડેન્ગ્યુ/ચિકુનગુનિયા કેસોના સેમ્પલ લઈ પરિક્ષણ માટે લેબોરેટરીમાં મોકલવા.
- મેલેરિયા/ફાઈલેરીયાની સ્લાઈડનું પરિક્ષણ તથા તેને સંલગ્ન એન્ટોમોલોજીકલ વર્ક કરવું.
- સમગ્ર શહેરમાંથી એકત્રીત કરેલ સ્લાઇડોનો ડેવાઇઝ, વીકવાઇઝ, મન્થવાઇઝ, કોડવાઇઝ, ઇયરવાઇઝ, યુનિટવાઇઝ, ઝોનવાઇઝ ડેટા મેઇન્ટેઇન કરવા તથા ઉપરી અધિકારી માંગે ત્યારે જે–તે મુજબની સચોટ માહિતી પુરી પાડવી.
- મેલેરિયા માટે પોઝીટીવ જાહેર થયેલ દર્દીને "મેલેરિયા પત્રક" જરૂરી વિગત ભરીને અચુક આપવું. જેથી ફરીવાર દર્દી સારવાર માટે શહેરી આરોગ્ય કેન્દ્ર/લેબોરેટરી ટેકનીશીયન પાસે આવે ત્યારે આ કાર્ડ સાથે લાવે તેવો આગ્રહ રાખવા માટે જણાવવું.
- ઇનસેકટ કલેકટર દ્વારા કલેકટ થયેલ મચ્છરોનું આઇડેન્ટીફીકેશન તથા ફાઇલેરીયા માટે ડિસેકટ કરેલ મચ્છરોની સ્લાઇડનું પરીક્ષણ કરી રોજે રોજની મેલેરિયા, ફાઇલેરીયા અને એડિસ વેકટર ડેન્સીટીની માહિતી તૈયાર કરવાની તથા મેલેરિયા અને એડિસ વેકટર મળેલ સ્થળની જાણ જંતુનાશક અધિકારી તથા જે તે ઝોનના આસી. જંતુનાશક અધિકારીને કરવાની રહેશે. ઉપરોકત તમામ માહિતી ડેવાઇઝ, મન્થવાઇઝ, ઇયરવાઇઝ, યુનિટવાઇઝ તેમ જ ઝોનવાઇઝ તૈયાર કરવાની રહેશે.
- ઉપરી અધિકારી તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.

## કલાર્ક :-

- કલેરીકલને લગતી તમામ કામગીરી કરવી.
- દરેક ઝોનમાંથી જંતુનાશક દવાની ડિમાન્ડ મંગાવી રજુ કરવી, ટેન્ડર બનાવવા.
- જંતુનાશક દવાના બીલ બનાવી પેમેન્ટની કાર્યવાહી કરવી.
- એગ્રીમેન્ટ તૈયાર કરાવવા.
- કોમ્પ્યુટર પર પ્રોગ્રામ એન્ટ્રી કરી જુદા જુદા પત્રકો તૈયાર કરવા.
- કોમ્પ્યુટર પર ખાતાને લગતી તમામ કામગીરી/રેકર્ડસ તૈયાર કરવા.
- ઉપરી અધિકારી તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.

## સ્ટોર કીપર :–

- જંતુનાશક દવાનો બીલ મુજબનો સ્ટોક મેળવી તેની ચકાસણી કરી, જુદા જુદા ઝોનોમાં જરૂરીયાત મુજબ વિતરણ કરવું.
- જંતુનાશક દવાના સેમ્પલો ટેસ્ટીંગ માટે મોકલવા.
- કોમ્પ્યુટર પર સ્ટોર રિસીવડ વાઉચર (SRV) અને સ્ટોર ઈસ્યુ વાઉચર (SIV) તૈયાર કરવા.
- ઉપરી અધિકારી તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.

## સેનેટરી ઈન્સપેક્ટર (વી.બી.ડી.સી) :–

(૧) તે વાહક જન્ય રોગ નિયંત્રણ અંગેની તમામ કામગીરી બાબતનું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ. એન્ટીલાર્વલની કામગીરી, પાયરેથ્રમ દ્વારા થતી ધુમ્રસેરની કામગીરી અને મચ્છર ઉત્પત્તિ સ્થાનો ઘટાડવા અંગેના વિવિધ પગલાઓ જેવા કે, બાયો–એન્વાયરર્નમેન્ટલ નિયંત્રણના પગલાઓ બાબતે સુમાહિતગાર હોવો જોઈએ. પોરાભક્ષક માછલીઓ દ્વારા પોરાનાશક કામગીરીનું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ. રાસાયણિક પોરાનાશક દવાઓના ઉપયોગ બાબતે જાણકાર હોવો જોઈએ.

(૨) તેના તાબા હેઠળના કર્મચારીઓની રોજે રોજની કામગીરી બાબતે તે પોતે સંપુર્ણ જવાબદાર રહેશે. જંતુનાશક દવા વપરાશ તેમજ પોરાનાશક તેલના વપરાશની રોજે રોજની નોંધ તેણે સ્ટોક રજીસ્ટરમાં કરાવવાની રહેશે.

(૩) તેણે ટોર્ચ, ડીપ, દોરી, વર્ક ડાયરી હંમેશા પોતાની સાથે રાખવાના રહેશે, અને તેના દ્વારા મચ્છરના ઉત્પત્તિ સ્થાનો શોધી તેને નિયત ડોઝમાં યોગ્ય જંતુનાશક દવાનો છંટકાવ કરાવવાનો રહેશે.

(૪) કર્મચારીઓ દ્વારા યોગ્ય સ્થાને યોગ્ય માત્રામાં દવા છંટકાવની કામગીરી કરવામાં આવે, દવાનો દુરૂપયોગ ન થાય, તેમજ જરૂરીયાત મુજબ દવાનો આગોતરો જથ્થો સંગ્રહ કરવા અંગેની જવાબદારી તેમની રહેશે.

(૫) તેણે વિસ્તારમાં ટ્રીટમેન્ટ આપ્યા વિનાના મચ્છર ઉત્પત્તિ સ્થાનો શોધી કાઢી તાત્કાલિક તે અંગેની જાણ આસી.જંતુનાશક અધિકારીશ્રી અને જંતુનાશક અધિકારીશ્રીને કરવી.

(૬) તેણે મચ્છર નિયંત્રણ પ્રોગ્રામનું સઘન અને નિષ્ઠાપુર્વકનું ક્રોસ ચેકીંગ હાથ ધરવાનું રહેશે.

(૭) તેના તાબા હેઠળના કર્મચારીઓ ફરજના પુરેપુરા સમય દરમ્યાન ફિલ્ડમાં કાર્યરત રહે તે અંગેની તકેદારી રાખવી. તેના વિસ્તારમાં ટ્રીટમેન્ટ આપ્યા વિનાના મળેલ બ્રિડીંગ માટે તેઓ પોતે જવાબદાર ગણાશે.તેણે જાતે લાર્વલ ડેન્સીટી/એડલ્ટ ડેન્સીટીનું વ્યકિતગત ક્રોસ ચેકીંગ કરવાનું રહેશે.

(૮) તેણે એકટીવ–પેસીવ સર્વેલન્સ, ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, પેરી ડોમેસ્ટીક સર્વેની તમામ કામગીરીનું સુપરવિઝન કરવાનું રહેશે.

(૯) એમના યુનિટમાં ફાળવવામાં આવેલ જંતુનાશક દવાઓ , સાધન–સામગ્રીનો દુરુપયોગ કે ઉચાપત ન થાય તેની તકેદારી લેવી. અન્યથા તેની તમામ જવાબદારી એમના શીરે રહેશે.

(૧૦) તેણે સાધન–સામગ્રીના યોગ્ય નિભાવની તકેદારી રાખવી અને ગુમ થયેલ સાધન–સામગ્રી બાબતે જવાબદારી નકકી કરી ઉપરી અધિકારીને ધ્યાને વિગત લાવવાની રહેશે.

(૧૧) તેણે તમામ પ્રકારના મચ્છરોની ઓળખ કરતા આવડવું જોઈએ. વિશેષ કરીને એનો ફીલીસ સ્ટેફન્સી અને એનોફીલીસ કયુલીસીફેસીસથી માહિતગાર હોવા જોઈએ.

(૧૨) તેણે સ્ટોક રજીસ્ટર, લોગબુક, દૈનિક રીપોર્ટ વગેરેનું રીપોર્ટીંગ કરી રિપોર્ટ આસી.જંતુનાશક અધિકારી/જંતુનાશક અધિકારીશ્રીને સમયમર્યાદામાં નિયમિત પહોંચાડવાનો રહેશે.

(૧૩) તેણે તેનો ફિલ્ડ ચેકીંગનો પ્રોગ્રામ એવી રીતે બનાવવો કે જેથી ફિલ્ડના તમામ ઉત્પત્તિ સ્થાનો મહિનામાં ઓછામાં ઓછા એક વાર ચેક કરી શકાય.

(૧૪) મચ્છર વધુ હોય તેવા વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિનો કયાસ તેણે સમયાંતરે નિયમિત રીતે હાથ ધરવો. તેના વિસ્તારના નવા ઉત્પત્તિ સ્થાનો શોધી કાઢી આસી.જંતુનાશક અધિકારીશ્રી /જંતુનાશક અધિકારીશ્રીના ધ્યાન ઉપર લાવી રેકર્ડમાં નોંધ કરી જરૂરી પગલાં લેવા.

(૧૫) તાબા હેઠળના કર્મચારીઓના વિસ્તારમાં સવારે અને સાંજે એમ બન્ને સમયે કર્મચારીઓની હાજરી લેવી.
(૧૬) નોટીસ ઈસ્યુ કરવા છતાં સમય મર્યાદામાં ખામી દૂર ન કરનાર ઈસમો પાસેથી વહીવટી ખર્ચ વસુલાતની અથવા કોર્ટ કેસની કામગીરી કરવાની રહેશે.
(૧૭) યુનિટની તમામ કામગીરીનુ સંપૂર્ણ સુપરવીઝન તેમણે કરવાનુ રહેશે.
(૧૮) તેણે તેમના ઉપરી અધિકારીઓ દ્વારા જે સુચનો મળે તે મુજબની કામગીરી કરવાની રહેશે.

**<u>સેનેટરી સબ ઈન્સપેક્ટર (વી.બી.ડી.સી) :-</u>**

(૧) તેઓને ફાળવવામાં આવેલ એન્ટીલાર્વલ વર્કની રોજેરોજની કામગીરી, સર્વેલન્સ અને ઈન્ટ્રાડોમેસ્ટીક વર્કની કામગીરી અને સ્ટાફનું સુપરવીઝન કરવાનું રહેશે.
(૨) તેઓએ તેમના વોર્ડ–વિસ્તારમાં રોજે રોજ ઉપયોગમાં લેવામાં આવતી જંતુનાશક દવાના વપરાશની માહિતી રાખવાની રહેશે. જે માહિતીની નોંધ ફાઈલેરીયા મેલેરીયા ઈન્સપેક્ટરને લખાવવી.
(૩) તેણે ટોર્ચ, ડીપ, દોરી, વર્ક ડાયરી હંમેશા પોતાની સાથે રાખવાના રહેશે, અને તેના દ્વારા મચ્છરના ઉત્પત્તિ સ્થાનો શોધી તેમાં નિયત ડોઝમાં યોગ્ય જંતુનાશક દવાનો છંટકાવ કરાવવાનો રહેશે.
(૪) તેણે તેના તાબા હેઠળના પ્રાઈમરી હેલ્થ વર્કર તેમજ બેલદારને ફરજના પુરેપુરા સમય સુધી ફિલ્ડમાં હાજર રહી તમામ બ્રિડીંગ સ્થાનો પર માઈનોર એન્જી. વર્ક કરી દવાનો છંટકાવ કરે તેની તકેદારી રાખવાની રહેશે. જો કોઈ પણ ઉત્પત્તિ સ્થાન ટ્રીટમેન્ટ આપ્યા વગરનો જણાશે તો તે માટે તેની જવાબદારી ગણવામાં આવશે.
(૫) સાધન–સામગ્રી સારી (ચાલુ) હાલતમાં રહે, અને રોજે રોજ તેની કાળજી લેવાય તે મુજબ વ્યવસ્થા કરવી.
(૬) તેણે તેના તાબા હેઠળના કર્મચારીઓના ઉપ–વિસ્તારો અને બ્રિડીંગ સ્થાનો દર્શાવતો નકશો રાખવાનો રહેશે અને તેની નકલ તાબા હેઠળના પ્રાયમરી હેલ્થ વર્કરને આપવી, અને જરૂરી માર્ગદર્શન પુરૂં પાડવું.
(૭) કચરા રહીત અને લીલ રહીત ગટરો રહે તે જોવું કે જેથી છાંટવામાં આવેલ જંતુનાક દવાનું પરિણામ મળે તેની તકેદારી રખાવવી.
(૮) તેના સમગ્ર કાર્યક્ષેત્ર વિસ્તારને ૬ પેટા વિભાગોમાં વહેંચી તેની જે તે દિવસની સીમા રેખા દર્શાવતો નકશો તૈયાર કરવો.
(૯) તેના તાબા હેઠળનાં કર્મચારીઓની શિસ્ત અંગેની જવાબદારી તેના શીરે રહેશે,ફિલ્ડમાં કર્મચારીઓની સવારની અને સાંજની હાજરી તેણે રૂબરૂમાં લેવી.
(૧૦) તાબા હેઠળના કર્મચારીઓને સવારે સાધન–સામગ્રી આપવી અને સાંજે બરાબર સફાઈ કરાવડાવી પરત મેળવવી.
(૧૧) તમારા યુનિટમાં ફાળવવામાં આવેલ જંતુનાશક દવાઓ , સાધન–સામગ્રીનો દુરુપયોગ કે ઉચાપત ન થાય તેની તકેદારી લેવી. અન્યથા તેની તમામ જવાબદારી તમારા શીરે રહેશે.
(૧૨) ગુમ થયેલ સાધન–સામગ્રી અંગે સબંધિત કર્મચારીની જવાબદારી નકકી કરી તાકીદે તેનો રીપોર્ટ ફાઈલેરીયા–મેલેરીયા ઈન્સપેકટરને તાત્કાલિક રીકવરી માટેની કાર્યવાહી માટે કરવો. તેમજ આવા ગુમ થયેલ સાધન–સામગ્રીના ગુમ થવા અંગેના કારણો શોધી વિગતવાર વાસ્તવિક કારણો સહીતનો લેખિત રીપોર્ટ ઉપરી અધિકારીને કરવો.
(૧૩) અર્બન હેલ્થ સેન્ટરનો પોઝીટીવ કેસોની માહિતી મેળવી કરવા જોગ કામગીરી જેવી કે,એન્ટીમેલેરીયલકામગીરી, ધુમ્રસેર, માસ અને કોન્ટેકટ સ્મીયર, ફોલોઅપ સ્મીયર , ફોલોઅપ ટ્રીટમેન્ટ કામગીરી કરવી.
(૧૪) માસ ટ્રીટમેન્ટની કામગીરી અને તેનો રેકર્ડ તેના ઉપરી અધિકારીને મોકલવાની જવાબદારી તેમની રહેશે.
(૧૫) તેના કાર્યક્ષેત્ર વિસ્તારમાં રેડીકલ ટ્રીટમેન્ટ રૂબરૂ આપવાની જવાબદારી તેના શીરે રહેશે.
(૧૬) નોટીસ ઈસ્યુ કરવા છતાં સમય મર્યાદામાં ખામી દૂર ન કરનાર ઈસમો પાસેથી વહીવટી ખર્ચ વસુલાત કરવાનો રહેશે. તથા કોર્ટ કેસની કામગીરી આપવામાં આવેલ ટાર્ગેટ મુજબ તેણે કરવાની રહેશે.
(૧૭) તેણે તેમના ઉપરી અધિકારીઓ દ્વારા જે સુચનો મળે તે મુજબની કામગીરી કરવાની રહેશે.

(૧૮) તેણે પોતાના વિસ્તાર માટે મેળવેલ જંતુનાશક દવા અને મેલેરિયા વિરોધી ઔષધોનો જથ્થો મેળવ્યાની નોંધણી સ્ટોક રજીસ્ટરમાં કરવાની રહેશે.

**<u>પ્રાયમરી હેલ્થ વર્કર (ઈન્સેકટ કલેકટર) ની ફરજોઃ–</u>**

આઈ.સી. મચ્છર નિયંત્રણ ઓપરેશનના ક્રોસ ચેકીંગ કાર્યનો એક ભાગ છે. તે નિયંત્રણ કાર્યના નિરીક્ષણ અને કાર્યમાં અને કામગીરીમાં સુધારામાટે ચાવીરૂપ ભૂમિકા નિભાવી શકે છે. તેણે કલેકશન માટેની જરૂરી સાધન સામગ્રી રાખવાની રહેશે. તેણે એન્ટોમોલોજીકલ ડેટા ખૂબ જ ઈમાનદારીપુર્વક આપવાના હોય છે. તેના દ્વારા પુરેપુરી ઈમાનદારીથી નહીં આપવામાં આવેલ ડેટા નિયંત્રણ પ્રોગ્રામની કામગીરીને ગેર માર્ગે દોરનારા અને અર્થ–હીન સાબિત થાય છે. તેણે પોતાની જાતને મચ્છર પકડવાની પધ્ધતિ સાથે સુસંગત કરવાની રહે છે. તે ઈચ્છનીય છે કે તે આ કામગીરી માટે કેળવાયેલ હોય અને તે જાણતો હોવો જોઈએ કે તેણે શું કરવાનું છે ? અને કેવી રીતે કરવાનું છે ? તેણે તેની કામગીરીની જરૂરિયાત માટેની સાધન સામગ્રી ફરજના સમય દરમ્યાન અચુક પણે સાથે રાખવાની રહેશે. જે નીચે મુજબ છે.

(૧) કેનવાસની બેગ
(૨) એક મોસ્કીટો સકશન ટયુબ
(૩) ટેસ્ટ ટયુબસ
(૪) કોટન

(૧) જે તે દિવસે તેને ફાળવેલ કલેકશન સેન્ટરો પૈકી તેણે દરેક સેન્ટરો પર ૧૫ મીનીટ ફીકસ કલેકશન સેન્ટર ઉપરાંત ૧૫ મીનીટ રેન્ડમ કલેકશન સેન્ટર ઉપર કામગીરી કરવી.

(૨) પ્રતિદિન તેણે પાંચ ફિક્ષ (રૂટિન) અને પાંચ રેન્ડમ કલેકશન સેન્ટરોની મુલાકાત લેવાની રહેશે. આમ અઠવાડીયા દરમ્યાન તેણે ૨૫ ફિકસ તેમજ ૨૫ રેન્ડમ મચ્છર પકડવાના સ્થળોની મુલાકાત લેવાની રહે છે. તેણે તેના આગમનની સુચના ઘરના કબજેદારને આપવી અને તે સેન્ટર પર કલેકશનના સમય દરમ્યાન કોઈ પુરૂષ ફેમીલી મેમ્બર ઘરના અંદરનાં રોકાણ દરમ્યાન તેની સાથે રહે તે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) દરેક સેન્ટર પર કામગીરી ચાલુ કરતા પહેલા પોતાના કામગીરી રજીસ્ટરમાં સમયની નોંધ કરવી. ત્યાર બાદ તરત જ કામગીરી શરૂ કરવી. કલેકશન સેન્ટરમાં ઘરના એક નાકેથી તેણે મચ્છરની શોધ કરવી અને મચ્છરના આરામ કરવાના સ્થળો જેવા કે, અંધારા ખૂણા, ફર્નીચરના નીચેના સ્થાનો, દિવાલો પરના સાધનોની પાછળના સ્થળો ઉપરથી ટયુબમાં મચ્છરો પકડયા બાદ તેમને ટેસ્ટ ટયુબમાં ટ્રાન્સફર કરવા, અને ટેસ્ટ ટયુબના મુખને રૂથી બંધ કરવું. રૂને એટલા નીચેથી બંધ કરવુ કે, આ રીતે ૪ કલેકશન એક જ ટેસ્ટ ટયુબમાં રાખી શકાય.

(૪) ટેસ્ટ ટયુબના મુખને રૂ દ્વારા એવી રીતે બંધ કરવું કે જેથી મચ્છરો બહાર ઉડી શકે નહિ. આ મુજબના મચ્છરોને ટેસ્ટ ટયુબમાં મુકયા બાદ તેણે કલેકશન સેન્ટરના સ્થળ, મચ્છરના પ્રકાર વગેરેની માહિતી અને વિસ્તારનું નામ નોંધવાનું રહેશે.

(૫) I.C. એ અલગ અલગ કલેકશન સેન્ટરો પરથી પકડાયેલ મચ્છરો માટે અલગ અલગ ટેસ્ટ ટયુબ વાપરવાની રહેશે. મચ્છર મુકેલ ટેસ્ટ ટયુબને ભીના રૂનાં કપડામાં કે ઠંડી જગ્યામાં રાખવી અને મચ્છરની ઓળખ જે તે દિવસે જ કરી તેની વિસ્તૃત નોંધ રાખવી. તેણે એન્ટોમોલોજીકલ પધ્ધતિથી પ્રતિ વ્યકિત મચ્છરની ઘનતા (ડેન્સીટી), પોરાની ઘનતા (લાર્વલ ડેન્સીટી) અને સસેપ્ટીબીલીટી ટેસ્ટ તમેજ પુખ્ત મચ્છરોની ઓળખ વિગેરેની માહિતીની જાણકારી મેળવવાની રહેશે,

(૬) તેમજ મચ્છરોની અને સાધનોની જાળવણી અને આંકડાકીય માહિતીની નોંધ અંગેની કામગીરી કરવાની રહેશે. તેણે ફિલ્ડ વિઝીટ દરમ્યાનએન્ટી લાર્વલની કામગીરીના સ્થળે સંલગ્ન વેકટર ડેન્સીટી અને લાર્વલ ડેન્સીટીની સરખામણી કરવાની રહેશે.

(૭) જો કાયમી ફીક્ષ સેન્ટર બંધ મળે તો તેણે તેના બદલે તે જ વિસ્તારનો એક રેન્ડમ સેન્ટર ઉપર વધારે કલેકશન કરવું, પરંતુ જો કોઈ સેન્ટર કાયમી ધોરણે બંધ મળે તો સક્ષમ સત્તાની મંજુરી મેળવી નવું સેન્ટર શરૂ કરવું.

(૮) I.C. એ મચ્છરોની ઓળખ કરી તેનો રીપોર્ટ ઈન્સેકટીસાઈડ ઓફિસરને કરવાનો રહેશે.

(૯) I.C. એ વિવિધ એન્ટોમોલોજીક ટેકનીક જેવી કે, મોસ્કીટો આઈડેન્ટીફીકેશન, મોસ્કીટો ડીસેકશન, પર મેન અવર ડેન્સીટી, લાર્વલ ડેન્સીટી, સસેપ્ટીબીલીટી ટેસ્ટ વગેરેથી માહિતગાર થવાનું રહેશે.

(૧૦) I.C. એ ફિલ્ડની મુલાકાત દરમ્યાન તેણે જુદા જુદા વિસ્તારોમાં એડલ્ટ વેકટર ડેન્સીટી તેમજ લાર્વલ ડેન્સીટીને ધ્યાને લઈ એન્ટીલાર્વલ કામગીરી સવારે ૬–૦૦ વાગ્યાથી બપોરે ૧૨–૦૦ વાગ્યા સુધી કરવાની રહેશે.

(૧૧) I.C. એ લેબોરેટરીમાં ફીમેલ મોસ્કીટો ડિસેકશન અને ઈનફેકટીવીટી વગેરે શોધવાના અને નોંધવાનાં રહેશે. દર મહિનાને અંતે આખા માસ દરમ્યાન કરેલ ઈન્ટ્રાડોમેસ્ટીક કામગીરી બ્રિડીંગ રીપોર્ટ દ્વારા દર્શાવવાની રહેશે. જે દર મહિનાની પાંચ તારીખમાં જે તે મુખ્ય કચેરીની ફાઈલેરીયા લેબ.માં પહોંચાડવાની રહેશે.

(૧૨) I.C. એ ટોર્ચ, ડીપ, દોરી, રજીસ્ટર હંમેશા પોતાની સાથે રાખવાના રહેશે, અને તેના દ્વારા મચ્છરના ઉત્પત્તિ સ્થાનો શોધી મળેલ બ્રિડીંગનો નાશ કરાવવાનો રહેશે.

(૧૩) I.C. એ તેના સેન્ટરો પરથી મળેલ વેકટરની જાણ જે તે યુનિટનાં એસ.આઈ.,એસ.એસ.આઈ. અથવા હાજર રહેલ જવાબદાર કર્મચારીને જે તે દિવસે કરવાની રહેશે. આ ઉપરાંત તેમના ઉપરી અધિકારી દ્વારા જે સુચના મળે તે મુજબની કામગીરી કરવાની રહેશે.

**<u>પ્રાયમરી હેલ્થ વર્કર (મેલેરીયા સર્વેલન્સ અને ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે.)ની ફરજો :–</u>**

મેલેરિયા કંટ્રોલ પ્રોગ્રામ વધુ ઘનિષ્ઠ અને પરિણામલક્ષી બનાવવા અંદાજીત દસ હજારથી અગિયાર હજારની વસ્તી/સોંપવામાં આવેલ વિસ્તારને આવરી લેતાં અંદાજીત બે અજાર ઘરો/સોંપવામાં આવેલ ઘરો પૈકી દરરોજ ૧૫૦ થી ૧૭૫ ઘરોમાં વાહકજન્ય રોગોને નિયંત્રણ હેઠળ રાખવા માટે સમગ્ર વિસ્તારનો પખવાડીક સર્વે કરવાનો રહેશે. જેમાં એકટીવ સર્વેલન્સ, ઈન્ટ્રાડોમેસ્ટિક સર્વે, નોટીસ આપવી, કેસોનું ફોલોઅપ, ડ્રગ કોમ્પ્લાયન્સ જેવી તમામ કામગીરી કરવાની રહેશે.ઉપરાંત વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલ પ્રોગ્રામ હેઠળની અન્ય કામગીરી કરવાની રહેશે.

(૧) પ્રાયમરી હેલ્થ વર્કરે તેને સોંપાયેલ વિસ્તારની વસ્તીનું રજીસ્ટર તેની યુનિટ ઓફિસે રાખવાનું રહેશે.
(૨) પ્રાયમરી હેલ્થ વર્કરે તેના વિસ્તારમાં આવેલ ઘરોની દર પંદર દિવસે મુલાકાત લઈ ફીવર સર્વે/ઈન્ટ્રાડોમેસ્ટીક બ્રિડીંગ સર્વે કરવો.
(૩) પ્રાયમરી હેલ્થ વર્કરે ટોર્ચ, ડીપ, દોરી, રજીસ્ટર હંમેશા પોતાની સાથે ખાતા દ્વારા આપેલ હેન્ડબેગમાં રાખવાના રહેશે, અને તેના દ્વારા મચ્છરના ઉત્પત્તિ સ્થાનો શોધી મળેલ બ્રિડીંગનો ટેમીફોસ દ્વારા નાશ કરાવવાનો રહેશે.

(૪) પ્રાયમરી હેલ્થ વર્કરે તેની ઘર–ઘરની મુલાકાત વેળા દરેક તાવના કેસનાં દર્દીની લોહીની સ્લાઈડ લઈ તેનું થીક અને થીન સ્મીયર તૈયાર કરી અને તેની નોંધ MF.2 રજીસ્ટરમાં કરવી. તેમજ જે તે સ્લાઈડ પર વ્યવસ્થિત કોડ નંબર અને સ્મીયર નંબર અંકિત કરવા.

(૫) પ્રાયમરી હેલ્થ વર્કરે કાર્યક્ષેત્ર હેઠળનાં વિસ્તારમાં આવતા બાંધકામોનો નિયમીત સર્વે કરવો. તેમજ તેમાં રહેલ મજૂરોની સ્લાઈડ લેવી અને તાવના દર્દીઓને FRT આપવી.

(૬) પ્રાયમરી હેલ્થ વર્કરે રોજે રોજ વર્કડાયરી, HI, BI, CI અને MBER, MPI વીકલી તથા મંથલી મેઈન્ટેઈન કરવાના રહેશે તથા વર્ષનાં અંતે ABER, API વિગેરે મેઈન્ટેઈન કરવાનો રહેશે. Follow up, Contact Smear નું મોનીટરીંગ કરવાનું રહેશે.

(૭) તેણે દરેક ઘરે મેલેરીયા અંગે નીચે મુજબના પાંચ પ્રશ્નો અચુક પુછવા.

(i) ઘરમાં કોઈને તાવ છે ?

(ii) એક વર્ષથી નાના કોઈ બાળકને તાવ છે ?

(iii) છેલ્લા પંદર દિવસમાં કોઈને તાવ હતો ?

(iv) ઘરની કોઈ વ્યકિતએ છેલ્લા પંદર દિવસમાં બહારગામની મુલાકાત લીધેલ ? તેને તાવ આવેલ?

(v) ઘરમાં કોઈ મહેમાન આવેલ છે ? તેને તાવ આવે છે ?

ઉપરનાં કોઈ પણ પ્રશ્નનો જવાબ "હા" માં જણાય તો તેવી વ્યકિતની સ્લાઈડ લેવી તેમજ FRT આપવી.

(૮) પ્રાયમરી હેલ્થ વર્કરે મેળવેલ તમામ લોહીની સ્લાઈડોના સંદર્ભે દર્દીને મેલેરીયા નિયંત્રણ માટેની દવા NVBDCP એ સુચવેલ માત્રામાં રૂબરૂમાં જ ગળાવવાની રહેશે.

(૯) દરેક તાવના કેસને તેણે ફીવર રેડીકલ ટ્રીટમેન્ટ આપ્યા બાદ જરૂર જણાય તો વધુ સારવાર માટે નજીકનાં અર્બન હેલ્થ સેન્ટરનો સંપર્ક કરવા જણાવવું.

(૧૦) પ્રાયમરી હેલ્થ વર્કરે પોતે મેળવેલ લોહીના નમુનાઓ અને વિતરણ કરેલ દવાની માહિતીની MF.2 માં નોંધ કરવી.

(૧૧) પ્રાયમરી હેલ્થ વર્કરે ડીસ્પોઝેબલ લાન્સેટ અને સ્વચ્છ માઈક્રો સ્લાઈડનો જ ઉપયોગ કરવાનો રહેશે, તથા સ્મીયર (થીક અને થીન) વ્યવસ્થિત રીતે બનાવવું.

(૧૨) પ્રાયમરી હેલ્થ વર્કરે દરેક ઘર ઉપર 'મુલાકાત–કાર્ડ' અવશ્ય લગાવવો અને દરેક પખવાડીક મુલાકાત વખતે સહી કરી તારીખની નોંધ કરવી. બીજી મુલાકાત દરમ્યાન કાર્ડ જોવા ન મળે તો તેવા ઘરો પર નવો કાર્ડ લગાવવાનો રહેશે.

(૧૩) પ્રાયમરી હેલ્થ વર્કરે ઘરના તમામ પાણી સંગ્રહસ્થાનો/વાસણો ચેક કરવા, તેમજ મચ્છરની ઉત્પત્તિ જણાય તો તેનો નાશ કરવો તેમજ તે ઘરનાં રહીશને નોટિસ પહોંચાડવી.

(૧૪) પ્રાયમરી હેલ્થ વર્કરે ઘરની પાણી સંગ્રહ કરવા માટેની ઓવરહેડ/અન્ડરગ્રાઉન્ડ/ગ્રાઉન્ડ ટાંકીઓ પર હવાચુસ્ત ઢાંકણ ચેક કરવું. તેમ ન હોય તો હવાચુસ્ત ઢાંકણ બનાવવા માટે નોટીસ આપવી.

(૧૫) પ્રાયમરી હેલ્થ વર્કરે ઘરની ઓવરહેડ ટાંકીઓના ઢાંકણ સુધી પહોંચવા માટે પડતી અગવડતાના સંદર્ભમાં ઘરના કબ્જેદારને 'સીડી'(દાદર)ની વ્યવસ્થા કરવા અંગેની નોટિસ પહોંચાડવી.

(૧૬) પ્રાયમરી હેલ્થ વર્કર દ્વારા આપવામાં આવેલ તમામ 'નોટીસ'નું તેણે બીજી મુલાકાત વખતે ફોલો અપ કરવું, અને જો ખામી દૂર ન થયેલ હોય તો આગળની કાર્યવાહી માટે યુનિટનાં કર્મચારીને જાણ કરવી.

(૧૭) પ્રાયમરી હેલ્થ વર્કરે તેમના ઉપરી અધિકારીઓ દ્વારા જે સુચનો મળે તે મુજબની કામગીરી કરવાની રહેશે.

(૧૮) પ્રાયમરી હેલ્થ વર્કરે પીવાના પાણી સિવાય તમામ પાણી ભરેલા ખુલ્લા કન્ટેનરોમાં તેમજ બ્રિડીંગ જણાયેલ કન્ટેઈનરોમાં નિયત ડોઝ મુજબ ટેમીફોસની ટ્રીટમેન્ટ આપવાની રહેશે.

(૧૯) જે તે મિલ્કતનાં ધાબા/છાપરા/વરંડા પર પડી રહેલ નકામો કાટમાળ/સાધનો/ટાયરો કે જેમાં વરસાદી પાણીના ભરાવાની શકયતાઓ છે, તેનો સુરક્ષિત સ્થળે નિકાલ કરાવવો.

(૨૦) ફાઈલેરીયા નાઈટ સર્વેની કામગીરી રજા સિવાયના દિવસોમાં રોજે રોજ બપોરે ૨–૦૦ થી રાત્રે ૧૦–૦૦ દરમ્યાન કરવાની રહેશે. આ ઉપરાંત ટી.પી.એમ. મુજબના વિસ્તારમાં બપોરે ૨–૦૦ થી ૮–૦૦ દરમ્યાન ઘરે ઘરે ફરી, સર્વે દરમ્યાન ફાઈલેરીયા રોગ અંગે જનજાગૃતિ કેળવી, હાઈડ્રોસીલ/લિમ્ફેડીમાના કેસો શોધી મળેલ કેસને મોર્બીડીટી મેનેજમેન્ટ અંગેની સમજણ હાપવાની રહેશે. રાત્રે ૮–૩૦ થી ૧૦–૦૦ દરમ્યાન અગાઉથી નકકી કરેલ અમુક અમુક ઘરોમાંથી માઈક્રો ફાઈલેરીયા માટે ૭૫ જેટલા લોહીના નમુના એકત્રિત કરવાના રહેશે.

(૨૧) જાન્યુઆરીથી જુન માસ દરમ્યાન MBER(Monthly Blood Examination Rate) ચ ૦.૮ % , જયારે જુલાઈથી ડિસેમ્બર માસ દરમ્યાન ૧.૨ થી ૧.૮ જેટલો હોવો જોઈએ.

<u>**નોંધ :–**</u> સગર્ભા સ્ત્રીઓને તેમજ એક વર્ષથી નાના બાળકોને પ્રિમાકવીન આપવી નહિ.

## <u>પ્રાયમરી હેલ્થ વર્કર (એન્ટીલાર્વલ કામગીરી) ની ફરજો :–</u>

(૧) પ્રાયમરી હેલ્થ વર્કર તેઓની રોજે રોજની કામગીરીની નોંધ રજીસ્ટરમાં રાખવી.

(૨) દર અઠવાડિયે (સોમવારથી શનિવાર સુધીમાં ) એક ટીમે ૨.૫૬ સ્કવેર કિ.મી. વિસ્તારમાં એનટીલાર્વલ કામગીરી કરવાની રહેશે. સદર ટીમમાં વિસ્તાર અને વસ્તીના આધારે ૫ થી ૭ ફિલ્ડવર્કરો/બેલદારો રાખી માઈનોર એન્જિનિયરીંગ વર્ક તથા નવા બંધાતા બાંધકામોમાં લાર્વીસાઈડ ટ્રીટમેન્ટ આપવાની રહેશે.

(૩) દરેક પ્રાઈમરી હેલ્થ વર્કરે તેમને સોંપવામાં આવેલ બેલદારની કામગીરીનું સુપરવીઝન કરવાનું રહેશે. તેના કાર્યક્ષેત્રના વિસ્તારમાં એન્ટીલાર્વલની કામગીરી પરિણામલક્ષી રહે તેની તેણે તકેદારી રાખવાની રહેશે.

(૪) PHW તેના ફિલ્ડમાં થતી કામગીરીથી પુરેપુરો માહિતગાર હોવો જોઈએ, તેમજ વખતો વખત ઉપરી અધિકારી દ્વારા સુચન કરવામાં આવે તે કાર્ય કરાવવું.

(૫) સમગ્ર કામગીરી માટે તે પોતે અતિ મહત્વની કડી છે, અને એન્ટીલાર્વલની કામગીરીની સફળતાનો મોટો આધાર તેની કામગીરી અને ક્ષમતા ઉપર છે. તેણે તેના કાર્યક્ષેત્ર વિસ્તારના પરમેનન્ટ બ્રિડીંગ સ્પોટ અને ટેમ્પરરી બ્રિડીંગ સ્પોટની માહિતી દર્શાવી યુનિટના ફાઈલેરીયા ઈન્સપેકટરને આપવાની રહેશે.

(૬) તેણે ટોર્ચ, ડીપ, દોરી, રજીસ્ટર હંમેશા પોતાની સાથ રાખવાના રહેશે, અને તેના દ્વારા મચ્છરના ઉત્પત્તિ સ્થાનો શોધી તેને નિયત ડોઝમાં યોગ્ય જંતુનાશક દવાનો છંટકાવ કરાવવાનો રહેશે.

(૭) તેને સોંપવામાં આવેલ સાધન સામગ્રી માટે તે પોતે જવાબદાર રહેશે અને તેની તેણે સંપુર્ણ કાળજી લેવાની રહેશે.

(૮) તેને સોંપવામાં આવેલ બેલદારનાં કામની વહેંચણી તેણે એવી રીતે કરવી જેથી કામગીરી સમયે તે દરેકની કામગીરી ઉપર નિયંત્રણ રાખી શકે, અને જે તે દિવસનો સંપુર્ણ વિસ્તાર કવર કરી શકાય.

(૯) તાબા હેઠળ કામદારોની કામની વહેંચણી તેણે એવી રીતે કરવી કે જે તે કામદારની જવાબદારી નકકી કરી શકાય, કરેલ કામગીરીની નોંધ તેણે તેના કામગીરી રજીસ્ટરમાં અચુક કરવી, અને પોતાના ઉપરી અધિકારી સમક્ષ તે રજુ કરવી.

(૧૦) દિવસની કામગીરીના અંતે તાબા હેઠળના કર્મચારી પાસેથી સાધન સામગ્રી પરત મેળવી ફાઈલેરીયા–મેલેરીયા નિરીક્ષક પ્રતિ જમા કરાવવી અને જો સાધનોમાં માઈનોર રીપેરીંગ જરૂરી હોય તો તે તાત્કાલિક કરાવી સાધનો ચાલુ હાલતમાં રાખવા.

(૧૧) પ્રાયમરી હેલ્થ વર્કરે ક્રોસ ચેકીંગ દરમ્યાન યુનિટના સેનેટરી ઈન્સપેકટર/ફાઈલેરીયા ઈન્સપેકટરે જણાવેલ કામગીરી તાત્કાલિક પુર્ણ કરવી, તેમજ દિવસ દરમ્યાન કરવામાં આવેલ કામગીરીનો રિપોર્ટ રોજ રોજ તેમના ઉપરી સુપરવાઈઝરી સ્ટાફને આપવો.

(૧૨) તેણે ખુલ્લા તમામ પ્લોટો કે જેમાં બ્રિડીંગ થવાની સંભાવના હોય, તેવા પ્લોટના રહીશોને ખાતા તરફથી તૈયાર થયેલ નોટીસ પહોંચાડવાની રહેશે.

(૧૩) તેણે એન્ટીલાર્વલની કામગીરી દરમ્યાન મળી આવેલ બ્રિડીંગનાં ઘરના રહીશોને ખાતા તરફથી તૈયાર થયેલ નોટીસ પહોંચાડવાની રહેશે.

(૧૪) તેણે ઘર તેમજ બાંધકામની ઓવરહેડ ટાંકીઓના ઢાંકણ સુધી પહોંચવા માટે પડતી અગવડતાના સંદર્ભમાં ઘરના કબ્જેદારને 'સીડી'(દાદર)ની વ્યવસ્થા કરવા અંગેની ખાતા તરફથી તૈયાર થયેલ નોટિસ પહોંચાડવી.

(૧૫) તેના દ્વારા આપવામાં આવેલ તમામ 'નોટીસ'નું તેણે બીજી મુલાકાત વખતે કોમ્પલાય કરવો, અને જો ખામી દૂર ન થયેલ હોય તો આગળની કાર્યવાહી માટે કચેરીને જાણ કરવાની રહેશે.

(૧૬) ઉપરી અધિકારી દ્વારા મળતી વખતો વખતની સુચનાનો અમલ કરવાનો રહેશે.

**બેલદારની ફરજો :-**

- એન્ટી લાર્વલ કામગીરી હેઠળ જંતુનાશક દવાનો સ્પ્રે કરવો તથા ફોગીંગ કરવું.
- તેમને સોંપેલ વિસ્તારોમાં તમામ પાણીના ભરાવા કે જેનો નિકાલ થઈ શકે તેમ ન હોય ત્યાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો.
- નિકાલ થઈ શકે તેવા પાણીના ભરાવાને નીક પાડી પાણીનો નિકાલ કરવો. મોટા જળાશયોમાં પોરા ભક્ષક માછલીઓ મૂકવી.
- ઉપરી અધિકારી તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.